મહત્તમ : ૨૪.૦ ડીગ્રી
લઘુતમ : ૭.૩ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૪૩ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરના મેડીકલ સ્ટોર્સમાં ૭૦ ટકા ઘરાકી વધી

માસ્ક, સેનેટાઈઝર અને કોરોનાની દવાની ખરીદી વધતા મેડિકલની દુકાનોમાં ૭૦ ટકા ગ્રાહકો વધ્યા

ગાંધીનગર, તા.૧૫

કોરોનાનો કહેર વધવાથી મેડિકલની દુકાનોમાં ગ્રાહકોની સંખ્યામાં વધારો નોંધાયો છે. છેલ્લા ઘણા દિવસોથી કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે ત્યારે શહેરની મેડિકલની દુકાનોમાં દવાઓની ખરીદીમાં ૭૦ ટકાનો વધારો નોંધાયો છે. એઝિથ્રો પ૦૦, ડોલો, ઝીંકોવીટ, લીમસીની માંગમાં વધારો નોંધાયો છે. આ સાથે સેનિટાઈઝર અને માસ્કની ખરીદીમાં પણ વધારો થયો છે. શરદી, ખાંસી, તાવ, માથાનો દુઃખાવો જેવા લક્ષણો ધરાવતા દર્દીઓની સંખ્યા ઘરે ઘરે જોવા મળી રહી છે ત્યારે શહેરીજનોએ મેડીકલ દુકાનોમાંથી દવાઓનો સ્ટોર કરવાનું શરૂ કરી દીધું છે. જેથી આગામી દિવસોમાં કદાચ આ બધી દવાઓનો સ્ટોક ઉપલબ્ધ ન હોવાની પરિસ્થિતિઓ પણ આવી શકે છે.

કોરોનાની બીજી લહેર વખતે મેડિકલની દુકાનોમાં કોરોનાની દવાઓનો સ્ટોક ખુટી પડયો હતો. આ વખતે સરકાર તરફથી પુરે પુરી તૈયારીઓ કરવામાં આવી છે તેવું જણાવાયું છે. પરંતુ મેડિકલની દુકાનોમાં કોરોનાની દવાઓની ખરીદીમાં વધારો થઈ રહ્યો છે. શહેરીજનો દવાઓનો સ્ટોર કરવાના મુડમાં જોવા મળી રહ્યા છે. તેથી મેડિકલની દુકાનોમાં પણ આ તમામ દવાઓનો સ્ટોક વધારે પ્રમાણમાં રાખવાનો વારો આવ્યો છે. જે પણ ગ્રાહક આવે તે શરદી, ખાંસી, તાવની દવાઓની ખરીદી

કરતા જોવા મળી રહ્યા છે. જો કે કોરોનાની બીજી લહેર બાદ મેડિકલની દુકાનોમાં દવાની ખરીદી મંદ ગતિએ ચાલી રહી હતી તે હાલમાં તેજીમાં જોવા મળી રહી છે. કોરોનાના કેસો વધવાથી સામાન્ય લક્ષણ હોય તેવા કેસમાં પણ શહેરીજનો તુરંત દવાની ખરીદી કરી રહ્યા છે. શહેરીજનો આ વખતે દવાનો સ્ટોક ખુટી ન પડે તે માટે અગાઉથી જ પોતાના પરિવાર માટે સ્ટોર કરીને રાખી રહ્યા હોય તેવું જાણવા મળી રહ્યું છે.

કોરોનાની બીજી લહેરમાં મેડિકલની દુકાનોવાળા આર્થિક રીતે તેજીમાં ચાલી રહ્યા હતા. કોરોનાની ગતિ મંદ પડતા ત્રણ ચાર મહિના મેડિકલની દુકાનો મંદ ગતિએ ચાલી રહી હતી જે હાલમાં ફરીથી દર્દીઓની સંખ્યા વધવાથી તેજીમાં જોવા મળી રહી છે. માસ્ક અને સેનીટાઈઝરના મોટા મોટા કેરબા ખરીદી થઈ રહ્યા છે.

કોરોનામાં ઘણા બધા સેવાભાવી તરીકે સેવા કાર્ય કરી રહ્યા છે. જેમાં મફત કોરોનાની દવાઓ અને માસ્ક સેનેટાઈઝરનું વિતરણ કરી રહ્યા છે જયારે સમાજમાં એવા પણ અસામાજિક લોકો છે જે કોરોનાની ખરાબ પરિસ્થિતિમાં કાળાબજારી કરવાનું ભૂલતા નથી. ગ્રાહકો પાસેથી વધારે પૈસા લઈને દવાઓનુ વેચાણ, ગ્રાહકોને છેતરવાના ધંધા કરતા અસામાજિક તત્ત્વથી શહેરીજનોએ ચેતવું રહ્યું. કોરોનાના વધતા જતા કહેરમાં મેડિકલ દુકાનોમાં દિવસેને દિવસે ઘરાકીમાં વધારો થઈ રહ્યો છે.

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ દ્વારા મકરસંક્રાંતિ નિમિત્તે કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૫

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ દ્વારા મકરસંક્રાંતિ નિમિત્તે સે-૨૪ના છાપરાના ગરીબ બાળકોમાં પતંગ, ચીકી, જલેબી, ચોકલેટ, વેફર, તલ સાંકળીની વહેંચણી કરી હતી. આ સાથે ગાયોને ચારો ખવડાવી વિશ્વ કલ્યાણની મનોકામના કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઈન્ડિયન લાયન્સના સ્વર્ણિમ કલબ ગાંધીનગરના પ્રેસિડેન્ટ રાધેશ્યામભાઈ યાદવ, વાઈસ પ્રેસિડેન્ટ મંગળસિંહ સોલંકી, સેક્રેટરી મહેન્દ્રસિંહ સોલંકી, ટ્રેઝરર સંજીવભાઈ યાદવ, બોર્ડ ઓફ ડાયરેકટર મહેન્દ્રભાઈ ચૌહાણ, મીડિયા કન્વીનર અંકિતભાઈ યાદવ, પ્રોજેકટ કો ઓર્ડિનેટર જયેશભાઈ ગોહિલ, લાલસિંહ વાઘેલા અને બીજા મેમ્બર્સ ભાઈઓ બહેનો હાજર રહ્યા હતા.

સેકટર-૨૧ સચિવાલય જીમખાનાનું ગૌરવ

ગાંધીનગર, તા.૧૫

શ્રીરામસી સ્વિમિંગ કલબ પોરબંદર દ્વારા આયોજિત ઓલ ઈન્ડિયા સ્વિમિંગ કોમ્પિટિશન 'સ્વમિથોન-૨૦૨૨' પોરબંદર ખાતે યોજાઈ હતી. જેમાં ગાંધીનગર સચિવાલય જીમખાનાના સ્વિમર તૌફિક મેમણ ૧૦ કિમી સ્પર્ધામાં, જયરાજસિંહ એ. રાઠોડ ૫ કિમી, સુમિત ચૌધરી ૨ કિમી તેમજ ૧ કિમી સ્પર્ધામાં તૌફિક મેમણ, અંકિત એમ. પટેલ, નિશિત રાવલ, મિતુલ રાવત, ચિરાગ પટેલ, જયદીપ જોષી, રિષભ પ્રજાપતિ, ત્રિવિધે પટેલ, આરવ પટેલે મેડલ મેળવી સે-૨૧ જીમખાનાને ગૌરવ અપાવ્યું છે. જે બદલ જીમખાના મેનેજર જીતુભાઈએ અભિનંદન પાઠવ્યા હતા. સે-૨૧ સચિવાલય જીમખાનાના સ્વિમિંગ પુલના હેડ કોચ કે.જી. ભગત અને મનિષા ત્રિપાઠી પાસેથી સઘન તાલીમ પ્રાપ્ત કરી હતી તેમજ સ્વિમિંગ પુલના આસિસ્ટન્ટ કોચ રામભાઈએ તનતોડ મહેનત બદલ અભિનંદન પાઠવ્યા હતા.

ગુરુકૃપા ફાઉન્ડેશન દ્વારા શ્રમજીવી પરિવારને ઉંધીયુ-પુરીનું ભોજન કરાવાયું

ગાંધીનગર, તા.૧૫

ગુરુકૃપા ફાઉન્ડેશન દ્વારા ગરીબ શ્રમજીવી પરિવારને ગરમાગરમ ઉંધીયુ-પુરી લીલવાની કચોરી, શીરો અને પુલાવ ખવડાવવામાં આવ્યા હતા. મોંઘવારીમાં ગમે તેટલો વધારો થાય પણ દરેક વ્યકિત ઉત્તરાયણને દિવસે ઉંધીયુ-પુરી ખાય અને દરેક તહેવારની ઉજવણી શ્રમજીવી પરિવારને ભોજન ખવડાવવામાં આવ્યું હતું.

સે-પસી ખાતે તુક્કલોની હારમાળાથી મનોહર દ્રશ્યો સર્જતા પતંગરસિયા

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરમાં ઉત્તરાયણનું પર્વ મોજમસ્તીથી જોયું હતું અને પતંગ રસિયાઓએ તેમનાં અનોખાં પતંગ કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. શહેરના સેક્ટર ૫-સીમાં પાંચ પતંગરસિયાઓ સાથે મળીને એક પતંગ પર એક, બે કે ત્રણ નહીં પરંતુ પૂરી ૨૨ તુક્કલ ચડાવીને મોડી સાંજના સમયે આકાશમાં 'નેકલેસ' જેવું મનોહર દ્રશ્ય સર્જ્યું હતું. આ સાથે મહિલાઓએ પણ તેમની સાથે તુક્કલ ચડાવવાનો આનંદ માણ્યો હતો.

ગાંધીનગરમાં ઉત્તરાયણના પર્વમાં પતંગ ઉડાડવા એ પુરુષ હોય કે મહિલા દરેક માટે પસંદગીનો શોખ રહ્યો છે અને દિવસે રંગબેરંગી પતંગો ચડાવીને પેચ લડાવવાનો આનંદ માણ્યા બાદ મોડી સાંજના સમયે તુક્કલ ચડાવવાનું પણ એક અનોખો લ્હાવો છે. એક તરફ જોખમી ચાઈનીઝ તુક્કલના વધતા કેઝ સામે સરકારે પ્રતિબંધની લગામ તાણવી પડી છે જ્યારે બીજી તરફ શહેરમાં આજે પણ ભુલાઈ રહેલી મીણબત્તીવાળી પરંપરાગત દેશી તુક્કલ ચડાવવાના શોખીનો મોજુદ છે જેનો પુરાવો દર વર્ષે સે.પસીના આ પતંગરસિકો આપે છે. આ વર્ષે પણ મોડી સાંજના સમયે શહેરના સે-પસીમાં મેહુલ છત્રીવાલા, જયશિલ પટેલ, વત્સલ શાહ, હિતેષ પ્રજાપતિ અને વિજય ઠાકોરે મળીને એક પતંગ પર લાઈનસર કુલ ૨૨ તુક્કલ ચડાવી હતી. આ સાથે મહિલાવૃંદે પણ તુક્કલ ચડાવવાનો આનંદ માણ્યો હતો જેમાં સપના છત્રીવાલા, ધ્વનિ છત્રીવાલા, ઝલક પટેલ, રીપલ ઠાકોર અને પ્રેમિલા પ્રજાપતિનો સમાવેશ થાય છે.

લીઓ કલબ દ્વારા ફુડ ફોર હંગરનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૫

લીઓ કલબ ઓફ ગાંધીનગર દ્વારા મકરસંક્રાંતિ પર્વની ઉજાણી માતોશ્રી વૃધ્ધાશ્રમ સાથે કરવામાં આવી હતી. જેમાં લીઓ કલબના પ્રમુખ ઋત્વિક પટેલ, મંત્રી મહર્ષિ દવે, રિધ્ધિ, આકાશ તેમજ અન્ય લીઓ સભ્યોએ યોગદાન આપી વૃધ્ધો સાથે આનંદદાયક સમય ગાળ્યો હતો.

ધ્યાન કોમર્સ ગ્રુપ ટ્યુશનના વિદ્યાર્થીઓના ઉત્કૃષ્ટ પરિણામ

ગાંધીનગર, તા. ૧૫

ધ્યાન કોમર્સ ગ્રુપ ટ્યુશનમાં ભણતાં વિદ્યાર્થીઓ સમગ્ર ગુજરાત યુનિવર્સિટીમાં એમ.કોમ.(સેમ-૩) નિકુંજ પ્રથમ ક્રમ, હિતેશ ત્રીજો ક્રમ, પૂજા ૧૬મો ક્રમ તથા વિધિ ૧૭મો ક્રમ પ્રાપ્ત કરી ગાંધીનગર તથા ધ્યાન કોમર્સનું નામ રોશન કર્યુ છે. ચૌહાણ નિકુંજે એમ.કોમ સેમ-૩માં સમગ્ર ગુજરાત યુનિવર્સિટીમાં ૬૦૦ માંથી ૫૧૬ ગુણ મેળવી ૮૬ ટકા સાથે પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. ખાંટ હિતેશે ૪૨૦માંથી ૩૫૩ ગુણ મેળવી ૮૪ ટકા સાથે ત્રીજો ક્રમ અને તેમના કુલ ૬૦૦ માંથી ૫૦૯ ગુણ છે. પૂજા પ્રજાપતિ ૪૨૦ માંથી ૩૩૫ ગુણ મેળવી ૮૦ ટકા સાથે ૧૬મો ક્રમ પ્રાપ્ત કર્યો છે અને કુલ ૬૦૦માંથી ૪૭૯ ગુણ છે. વિધિ ત્રિવેદી ૪૨૦ માંથી ૩૩૪ ગુણ મેળવી ૮૦ ટકા સાથે ૧૭મો ક્રમ પ્રાપ્ત કર્યો છે. તેમના કુલ ૬૦૦માંથી ૪૭૯ ગુણ છે.

સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૫

સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે લાયબ્રેરી ડિપાર્ટમેન્ટ દ્વારા સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ નિમિત્તે નેશનલ યુવા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત કોલેજના લાયબ્રેરીયન જયશ્રીબેન પંડ્યા દ્વારા સ્વામી વિવેકાનંદના જીવન ઉપર પુસ્તકનું પ્રદર્શન તેમજ ઓનલાઈન ક્વીઝ કોમ્પીટીશનનું આયોજન કર્યુ હતુ. આ કાર્યક્રમમાં કોલેજના સમગ્ર સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો તેમજ વિદ્યાર્થીઓને કોમ્પ્લિમેન્ટરી રૂપે વિવેકાનંદના જીવન આધારિત પુસ્તક ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પરમાર લક્ષ્મીબેન મંગાભાઈ, ઉ.વ. ૯૦, પ્રભુપુરા, વલાદ
- સ્વ. ઠાકર ધવલ સંજયભાઈ, ઉ.વ. ૨૧, કોલવડા
- સ્વ. બારોટ રાજેન્દ્રકુમાર અંબાલાલ, ઉ.વ. ૬૨, સેકટર-૭
- સ્વ. પંચાલ રાયચંદભાઈ રત્નાભાઈ, ઉ.વ. ૭૮, જીંડવા, દહેગામ
- સ્વ. શિંદે મંગલા હેમચંદ્રા, ઉ.વ. ૬૯, રાયસણ
- સ્વ. સોલંકી ભવાનજી મથુરજી, ઉ.વ. ૭૨, આલમપુર

● રૂદ્રભૂમિ ●

- સ્વ. મકવાણા પ્રતિભાબહેન અમૃતભાઈ, ઉ.વ. ૫૯, સરગાસણ
- સ્વ. ઝાલા પુરુષોત્તમદાસ ધેલાજી, ઉ.વ. ૭૪, સેકટર-૮
- સ્વ. વાઘેલા મુકુંદજી મહોતજી, ઉ.વ. ૫૮, સરગાસણ

આમ આદમી પાર્ટીની શહેર મહિલા પાંખના હોદ્દેદારોની બેઠક યોજાઈ હતી જેમાં પાર્ટીના શહેર મહિલા પ્રમુખ રીનાબેન રાવલે પાર્ટી દ્વારા આગામી સમયમાં યોજાનાર કાર્યક્રમો જનમત, કોરોના અંગે જાગૃતિ અભિયાન, માસ્ક વિતરણ સહિત મહિલાઓને લગતા અન્ય પ્રશ્નો અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

એસજી અને એસવી શાળામાં ઉત્તરાયણની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસજી અને એસવી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ઉત્તરાયણ પર્વની ઉજવણી નિમિત્તે ધોરણ ૫ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે પતંગ સુશોભન સ્પર્ધા અને ધોરણ ૧ થી ૪ ના વિદ્યાર્થીઓ માટે પોપ અપ કાર્ડ બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

જન્મદિને વધામણી

લતાબેન વ્યાસ

નિશાંત એસ ઠાકર

ધરતી એસ. ઠાકર

રૂદ્ર તેજસકુમાર દવે

પ્રાપ્તિ રાઠોડ

સિદ્ધિ
ચિંતનકુમાર ત્રિવેદી
મો. ૯૪૨૮૦ ૫૦૧૧૧

કલગી પંકજ દેસાઈ
મો. ૮૪૦૧૦ ૩૩૧૦૫

આહના અમિત પંડ્યા

પ્રથમેશસિંહ એચ ગોહિલ
મો. ૯૪૨૮૬ ૯૬૧૩૦

પૃથ્વી અશ્વિન પંડ્યા
મો. ૯૪૨૭૬ ૦૭૮૨૪